## નામદાર શ્રી પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ સાહેબની કોર્ટ સમક્ષ,
## મુકામ : જંબુસર.
## સ્પે. મુકદમા નં. ૧૩/૨૦૧૯

(૧) નાનજીભાઈ કરશનભાઈ ગોયાણી,

ઉ. વ. આ.– ૫૩, ધંધો – ખેતી તથા વેપાર,

રહે. ૧૧, સિધ્ધાર્થનગર, કાલીદાસ નગરની પાસે, હનુમાન રોડ, સુરત,

(૨) લક્ષ્મણભાઈ ધનજીભાઈ ધોરી,

ઉ. વ. આ. ૪૭, ધંધો – ખેતી તથા વેપાર,

રહે. એ/૫૦૧, વેદાંતસીટી, નંદ બંગ્લોઝ પાસે,

અંબ્રામાં રોડ, મોટા વરાછા, સુરત. ..........**વાદીઓ**

**વિરૂધ્ધ**

(૧) યુસુફ વલી હસન,

ઉ. વ. આ. ૬૪, ધંધો – ખેતી,

રહે. મુ. પો. આમોદ, તા. આમોદ, જિ. ભરૂચ,

(૨) યોગી ઈન્ફ્રાસ્ટ્રકચર એક ભાગીદાર પેઢી,

ઠેકાણુ : સર્વે નં. ૫૦૭/૨, મુ. પો. આમોદ,

આછોડ રોડ, તા. આમોદ, જિ. ભરૂચ,

ભાગીદારો : (૧) કમલ દેવાનંદ પારપીયાની,

ઉ. વ. આ. ૨૪, ધંધો – વેપાર,

રહે. સુદરમ સોસાયટી, આર. ટી. ઓ. વારસીયા પાછળ,
વારસીયા, વડોદરા–૩૯૦૦૬,

(૨) મેમન અખ્તર યુનુસ,
ઉ. વ. આ. ૫૪, ધંધો – વેપાર,
રહે. બી/૨૧, ગંગાસાગર સોસાયટી, અડાજણ પાટીયા,
નવયુગ કોલેજ પાસે, સુરત–૩૯૫૦૦૯ ... **પ્રતિવાદીઓ**

| | |
|---|---|
| // વાદીઓ તરફે વિ. વ...................... શ્રી વી. કે. રૂપાવટીયા // | |
| // પ્રતિવાદી નં. ૧ તરફે વિ.વ................ શ્રી એમ. આર. રાઠવા // <br> // પ્રતિવાદી નં. ૨ તરફે વિ. વ. .............. શ્રી જી. એચ. ઉપાધ્યાય // | |

**–:: આંક–૫ લગત હુકમ ::–**

**(૧)** વાદીઓએ હાલની અરજી સી. પી. સી. ઓર્ડર – ૩૯, રૂલ – ૧, ૨ મુજબ વચગાળાનો મનાઈહુકમ મેળવવા અરજ કરેલી છે. આ કામમાં આંક – ૫ થી વાદીઓ દ્વારા હાલની મનાઈ અરજી લાવવામાં આવેલ છે અને આંક – ૧ થી પ્રતિવાદીઓ સામે જે દાવા અરજી કરેલ છે તેની સાથે વચગાળાની દાદ માંગતી અરજી કરેલ છે. આ કામના વાદીઓએ તેમની આ મનાઈ અરજીમાં મોટા ભાગની હકિકતો તેની આંક – ૧ ની દાવા અરજીને લગતની હકિકતોના સમર્થનમાં જણાવેલ છે.

**(૨)** ત્યારબાદ આ કામે વાદીઓનાં દાવા તથા મનાઈ હુકમની અરજીનો સમન્સ પ્રતિવાદીઓને બજતા પ્રતિવાદીઓ તેમનાં વિ. વ. શ્રી મારફતે હાજર થયેલ છે અને ત્યારબાદ પ્રતિવાદીઓને યોગ્ય અને વ્યાજબી તક આપવા છતા કોઈ જવાબ રજુ કરેલ નથી અને વાદીઓ તરફે આંક – ૨૧ થી પ્રતિવાદીઓનો જવાબનો હકક બંધ કરવાની પુરસીસ રજુ રાખતા તે લગત તા. ૨૨/૦૮/૧૯ નાં રોજ હુકમ કરી પ્રતિવાદીઓનો જવાબનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) આ કામે વાદી ધ્વારા આંક – ૩ તથા આંક – ૪૦ થી દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજુ રાખેલ છે. જેમાં નીચે મુજબના દસ્તાવેજો રજુ રાખેલા છે.

| ક્રમ | નિશાની | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૩/૧ | દાવાવાળી મિલકતનાં રજીસ્ટર્ડ સાટાખતની ઝેરોક્ષ નકલ |
| ૨ | ૩/૨ | દાવાવાળી મિલકતનાં સર્વે/બ્લોક નં. ૫૮૯ નાં ગામ નમુનાં ન. ૭/૧૨ તથા ૮/અ ની નકલ |
| ૩ | ૩/૩ | દાવાવાળી મિલકતનાં સર્વે/બ્લોક નં. ૫૯૫ નાં ગામ નમુનાં ન. ૭/૧૨ તથા ૮/અ ની નકલ |
| ૪ | ૩/૪ | વાદીને પ્રતિવાદી નં. ૧ નાએ તેઓનાં વકિલશ્રી હસ્તક પાઠવેલ નોટીસની ઝેરોક્ષ નકલ |
| ૫ | ૩/૫ | વાદીએ પ્રતિવાદીની નિ. ૪ વાળી નોટીસનો વકિલશ્રી હસ્તક પ્રતિવાદી નં. ૧ નાને પાઠવેલ જવાબની ઝેરોક્ષ નકલ |
| ૬ | ૩/૬ | દાવાવાળી મિલકતમાં બિલાલ પાર્કનાં નામે પ્લોટોનું આયોજન કરવામાં આવેલ તેનાં પેમ્પલેટ અસલ |
| ૭ | ૩/૭ | દાવાવાળી મિલકત ઉપર નવા નામ સી. એન. પાર્કનાં નામે છપાવેલ પેમ્પલેટ અસલ |
| ૮ | ૩/૮ | વાદીએ પ્રતિવાદીઓ વિરૂધ્ધ આમોદ પો. સ્ટે. માં કરેલ ફરીયાદીની ઝેરોક્ષ નકલ |
| ૯ | ૩/૯ | પ્રતિવાદી નં. ૧ નાએ પ્રતિવાદી નં. ૨ ની તરફેણમાં લખી આપેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૫૫૦/૧૮ ની ઝેરોક્ષ નકલ |
| ૧૦ | ૩/૧૦ | પ્રતિવાદી નં. ૧ નાએ પ્રતિવાદી નં. ૨ ની તરફેણમાં લખી આપેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૫૫૧/૧૮ ની ઝેરોક્ષ નકલ |
| ૧૧ | ૪૦/૧ | વાદીએ દાવાવાળી મિલકત અંગે ગુજરાત મિત્ર દૈનીકપત્રમાં પ્રસિધ્ધ કરેલ જાહેર નોટીસની ઝેરોક્ષ નકલ |
| ૧૨ | ૪૦/૨ | દાવાવાળી મિલકતનાં અંગે નામ. કોર્ટમા દાવો પેન્ડીંગ હોવા અંગે સબ–રજીસ્ટ્રારશ્રી, આમોદની કચેરીએ અનુક્રમ નં. ૬૩૫/૨૧ થી વાદીએ નોંધાવેલ નોટીસ ઓફ લીસ પેન્ડન્સની ઝેરોક્ષ નકલ |

આ કામે કોર્ટ કમીશ્નર તરફે આંક – ૨૨ રીપોર્ટ રજુ કરેલ છે અને રીપોર્ટ સાથે નિ. ૨૨/૧ થી નિ. ૨૨/૪ મુજબનાં દસ્તાવેજો રજુ રાખેલ છે.

**(૪)** આ કામે પ્રતિવાદીઓ તરફે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ નથી.

**(૫) <u>દલીલ :–</u>**

વાદીઓ તરફે વિ. વ. શ્રીએ આંક – ૪૧ થી વિગતવાર લેખીત દલીલો રજુ કરેલ છે જે અક્ષરસઃહ વંચાણે લેવામાં આવેલ છે અને આંક સ્વરુપે રેકર્ડ ઉપર હોય તેનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

પ્રતિવાદી નં. ૧ અને ૨ તરફે કોઇ હાજર નથી કે કોઇ રીપોર્ટ રજુઆત નથી.

**(૬)** ઉપરોકત વાદીપક્ષની અરજીની હકિકતો, તેમજ વાદીપક્ષની દલીલોને ધ્યાને લેતા આંક – ૫ ની અરજીના ન્યાયીક નિર્ણય થવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–:: મુદ્દાઓ ::–</u>**

(૧) શું વાદીઓનો પ્રાઈમાફેસી કેસ છે ?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને હાર્ડશીપ વાદીઓની તરફેણમાં છે ?

(૩) શું મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીઓને નાણામાં ન ભરપાઈ થઈ શકે તેવું નુકશાન જાય તેમ છે?

(૪) શું હુકમ ?

**(૭)** ઉપરોકત મદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) '' નકારમાં''

(૨) '' નકારમાં''

(૩) '' નકારમાં''

(૪) આખરી હુકમ મુજબ.

(૮) આ માટેના કારણો નીચે મુજબ છે.

**<u>–:: કા ર ણો ::–</u>**

આ કામે આંક–૫ નિર્ણિત કરતા પહેલા આ અંગે કાયદાની સ્થિતિ જોઈએ તો, સી. પી. સી. ઓ.૩૯, રૂલ્સ–૧ ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો,

**<u>સી. પી. સી. ઓર્ડર–૩૯, રૂલ–૧ જે કેસોમાં કામચલાઉ મનાઈહુકમ આપી શકાય:</u>**

(૧) જો કોઈ કેસમાં સોગંદનામાંથી અગર અન્ય રીતે એમ સાબિત થાય કે :

(એ) કોઈ દાવાની વાદગ્રસ્ત મિલકત વેડફાઈ જવાનો, તેની હાનિ થવાનો દાવાના કોઈ પક્ષકાર ધ્વારા હસ્તાંતર થવાનો ભય છે અથવા કોઈ હુકમનામાની બજવણીમાં વેચાઈ જવાનો ભય છે અથવા

(બી) પ્રતિવાદી પોતાના લેણદારોને છેતરવાના માટે પોતાની મિલકત ખસેડવાની અથવા વ્યય કરી નાખવાની ધમકી આપે છે અગર ઈરાદો ધરાવે છે અથવા

(સી) દાવામાં વાદગ્રસ્ત મિલકતથી વાદીનો કબજો છોડાવી લેવાનો અગર બીજી રીતે વાદીને વાદગ્રસ્ત મિલકતના સબંધમાં હાની પહોંચાડવાની ધમકી આપે છે. (૧૯૭૬ ના સુધારણા અધિનિયમથી ઉમેરાયેલો નવો ખંડ) તો અદાલત હુકમ કરીને આવું કૃત્ય અંકુશિત કરવા કામચલાઉ મનાઈ હુકમ આપી શકે અથવા આવો દુર્વ્યય, નુકસાન, હસ્તાંતર, વેચાણ, ખસેડવાના કાર્ય અથવા વ્યય સ્થગિત કરવા અથવા અટકાવવા તેને ઠીક લાગે તે હુકમ તે ઉદેશથી કરી શકે અથવા વાદીને કબજાથી વંચિત કરવાના અથવા વાદગ્રસ્ત મિલકતના સંદર્ભમાં વાદીને અન્ય રીતે હાનિ થતી અટકાવવા

(૧૯૭૬ ના સુધારણા અધિનિયમથી ઉમેરાયેલા શબ્દો) અદાલતને ઠીક લાગે તેવો દાવાના નિકાલ સુધી અથવા બીજો હુકમ થાય નહી ત્યાં સુધીનો હુકમ કરી શકે.

(૨) કોર્ટ ચાલુ કાર્ય થતું અટકાવવા માટે કામચલાઉ મનાઈહુકમ કરતી વખતે અથવા તે બીજો હુકમ થતા સુધી, તે મિલકત વેડફાઈ જતી હોય, તે, તેને નુકસાન થતું હોય તે, બીજાને આપી દેવાની હોય તે, લેવાની હોય તે, ખસેડતી હોય તે અથવા પેટા રૂલ –(૧) હેઠળના દાવાના નિકાલ હેઠળ કોઈપણ મિલકતના સબંધમાં વાદીનો કબજો છોડાવી દેવા અથવા અન્યથા નુકસાન પહોંચાડવા માટે, કોર્ટ યોગ્ય ગણે તેવી જામીનગીરી આપવા અથવા અન્યથા વાદીને આદેશ કરી શકશે.ઉપરોકત મુજબનાં આવશ્યક તત્વો હોય ત્યારે વચગાળાનો મનાઈ હુકમ આપી શકાય.

**(૮.૧)** પ્રાઈમાફેસી કેસ :– પ્રાઈમાફેસી કેસ એટલે કે પ્રથમ દર્શનીય કેસની વ્યાખ્યા જોઈએ તો, વાદીએ કે કામચલાઉ મનાઈ હુકમની માંગણી કરનારે રજુ કરેલી હકીકતો, તે જ સ્વરૂપે સ્વીકારતા, સામાન્ય બુધ્ધિની, સામાન્ય વ્યકિતને, દેખીતી રીતે જ સાચી જણાય અને તે અંગે મહત્વનું ધ્યાન આપવું જરૂરી જણાય અથવા તે હકીકત વિચાર કરવા યોગ્ય છે. માગણીદારે કરેલા આક્ષેપ ઉપરથી ત્વરીત પણે કોઈપણ પ્રકારના ખચકાટ અનુભવ્યા વગર સામાન્ય સમજશકિતવાળી વ્યકિતમાં એવા વિચાર પેદા કરે કે કંઈક અઘટીત કૃત્ય સામી વ્યકિત કરી રહી છે અને તે અટકાવવાની જરૂર છે તેને પ્રથમ દર્શનીય કેસ ગણી શકાય.

**મુદ્દા નં.–૧.**

**(૯)** સદરહું મુદ્દા બાબતે વિ. વ. શ્રી ની દલીલોની રેકર્ડ ઉપરના પુરાવા સાથે ચર્ચા કરવામાં આવે તો હાલના અરજીના તબકકે વાદીઓ રજુ દસ્તાવેજી પુરાવાઓ આધારે માંગ્યા મુજબનો દરમ્યાન મનાઇહુકમ મેળવવા સારુ પોતાનો પ્રથમદર્શનીય

કેસ પુરવાર કરી શકેલ છે કે કેમ ? તે બાબતે રેકર્ડ ઉપરના પુરાવા સાથે ચર્ચા કરવામાં આવે તો વાદી તરફે તેઓની દાવાઅરજી તથા મનાઇ અરજીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે પ્રતિવાદી નં. ૧ તથા બીલાલ પાર્કના ઓર્ગેનાઇઝર એવા ત્રણેય ઇસમો જેમાં (૧) ઇરસાદ સુપેડીવાલા, (૨) હારુનભાઇ સીલ્ક હાઉસ વાળા અને રફીકભાઇ પટેલનાઓ વિસ્તારમાં સારી શાખ અને પ્રતિષ્ઠા ધરાવતા હોય વાદીને પ્લોટો/ મકાનોનું બુકીંગ કરી–કરાવી આપવાની ખાત્રીપુર્વક જવાબદારી લઇ મદદ કરવા પાકો વિશ્વાસ આપી તમામ પ્લોટો/મકાનોનું બુકિંગ કરાવી આપવા પ્રતિબદ્ધતા દર્શાવેલ. ત્યારબાદ વાદી તરફે તેઓની દાવાઅરજી તથા સોગંદઉપરની જુબાનીમાં પેરા નં. (૩) ની છેલ્લી ચાર લીટીમાં જણાવેલ છે કે '' વાદીની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરી આપવા સબંધી તમામ જવાબદારી આ કામના પ્રતિવાદી નં. ૧ ના તથા મજકુર બિલાલ પાર્કના આયોજકો તરીકે ઓળખાતા તેમના ભાગીદાર ત્રણેય ઇસમોએ સ્વિકાર કરેલ હતી અને છે. '' સદર બાબતે, વાદી તરફે નિ. ૩/૧ થી બાનાખત રજુ કરી તેના આધારે હાલનો દાવો કરેલ છે તે વંચાણે લેવામાં આવે તો તેમાં સદર મુજબની કોઇ હકિકત જણાઇ આવતી નથી. વાદી દ્વારા જે ફોજદારી ફરીયાદ કરવામાં આવેલ છે તેમાં સદર બીલાલ પાર્કના આયોજકોને આરોપી તરીકે જોડેલ છે, પરંતુ હાલના દાવાના કામે પક્ષકાર તરીકે જોડેલ નથી. ત્યારબાદ દાવાઅરજીના પેજ નં. (૬) ઉપર પેરા નં. ૪ ની ઉપરનો છેલ્લો નંબરનો વગરનો પેરા જોવામાં આવે તો અવેજની જે કુલ રકમ થાય તેમાંથી ચુકવી આપેલ રકમ બાદ કરી બાકીનો અવેજ બાનાખતની શરત મુજબ ચુકવવાનો રહેશે તેવી સ્પષ્ટ શરત થયેલ અને બાકીની અવેજની રકમ પ્રતિવાદી નં. ૧ ના દાવાવાળી જમીનના ટાઇટલ બાનાખતમાં જણાવ્યા મુજબ સંપુર્ણ ચોખ્ખા અને માર્કેટેબલ થયેથી વાદીની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કર્યા બાદ પ્રતિવાદીઓને ચુકવી આપવા નકકી થયેલ તેમ જણાવેલ છે,

પરંતુ સદર બાબતે વાદી તરફે જેના પર આધાર રાખેલ છે તે બાનાખત નિ. ૩/૧ જોવામાં આવે તો પેજ નં. (૫) ઉપર બાકી અવેજ લેવાની વિગતમાં સ્પષ્ટ તારીખ અને રકમ નકકી કરવામાં આવેલ છે તે જોવામાં આવેતો તા. ૧૫/૦૯/૨૦૧૬ રુ. ૪૩,૧૫,૦૦૦/– ત્યારબાદ તા. ૧૪/૧૨/૨૦૧૬ રુ. ૪૩,૧૫,૦૦૦/– તથા તા. ૧૪/૦૪/૨૦૧૭ રુ. ૪૩,૧૭,૦૫૦/– વાદીઓએ ચુકવવાના હતા અને તેની નીચે લખાણ જોવામાં આવે તો નોંધેલ છે કે આમ ઉપર જણાવ્યા મુજબ બાકી અવેજ આપવાનો બંન્ને પક્ષકારો નકકી કરેલ છે. બાકી અવેજની રકમ સમયમાં ન મળે તો સદર બાનાખત ફોરફીટ ગણાશે. વાદીઓ તરફે બાનાખતમાં નકકી થયા મુજબ તા. ૧૫/૦૯/૨૦૧૬ ના રોજની ડયુ થતી રકમ રુ. ૪૩,૧૫,૦૦૦/– ન ચુકવેલ હોય પ્રતિવાદી નં. ૧ તરફે વકીલશ્રી મારફતે તા. ૧૩/૧૦/૨૦૧૬ ના રોજ નોટીસ પણ આપવામાં આવેલ છે જે નિ. ૩/૪ થી રજુ છે અને તેમાં સ્પષ્ટ જણાવેલ છે કે '' આથી તમોને આ છેવટની નોટીસ આપી ચેતવણી આપવામાં આવે છે કે તા. ૧૫/૦૯/૨૦૧૬ સુધીમાં ચુકવી આપવાની રકમ જે તમોએ આજ દિન સુધી ચુકવેલ ન હોય જે રકમ રુ. ૪૩,૧૫,૦૦૦/– અમારા અસીલને દિન – ૧૦ માં ચુકવી આપી અમારા અસીલ પાસેથી પાકી રસીદ મેળવી લેવી અને જો તેમ કરવામાં કસુર કરશો તો અમારા અસીલ બાનાખતની શરત મુજબ બાકી અવેજની રકમ સમયમાં ન મળવાથી અને તમારી ભુલ અને ચુકના કારણે તમો અને અમારા અસીલ વચ્ચે થયેલ બાનાખત ફોરફીટ ગણી સદરહું મિલકત ત્રાહિતને વેચાણ કરી આપશે જેની ગંભીરતાથી નોંધ લેશો અને પછી અમારા અસીલની કોઇ જવાબદારી રહેશે નહી. '' સદર નોટીસનો વાદીઓ તરફે જવાબ આપેલ છે જે નિ. ૩/૫ થી રજુ છે જે વંચાણે લેવામાં આવે તો પ્રતિવાદી નં. ૧ ની નોટીસની હકિકતોનો ઇન્કાર કરેલ છે અને પ્રતિવાદી નં. ૧ એ પ્લોટો વેચવામાં મદદ કરવાનું વચન આપેલ અને ખુબજ ઉંચા ભાવે વેચાણ

આપવાનું નકકી કરેલ આથી આ જમીન માર્કેટ કરતા ઉંચા ભાવે ખરીદ કરેલ. તેઓ દસ્તાવેજ કરાવી લેવા તૈયાર છે, પરંતુ પ્રતિવાદી નં. ૧ આપેલ ભરોસા અને વિશ્વાસ મુજબ પ્લોટોનું બુકીંગ કરાવી આપેલ નથી. આમ છતા તેઓએ બાનાખત પેટે આપેલ રકમ પુરતા પ્લોટોના દસ્તાવેજ કરાવી લેવા રાજી ખુશી છીએ તેમ જણાવેલ છે. આમ સદરહું હકિકત જોતા વાદીઓ બાનાખતમાં જણાવ્યા મુજબ પ્રથમ રકમ ચુકવી શકેલ ન હોવાનું અને તેઓ બાનાપેટે આપેલ રકમ પુરતા પ્લોટોના દસ્તાવેજ કરાવી લેવા ખુશી હોવાનું હાલના તબકકે જણાઇ આવે છે. ત્યારબાદ પ્રતિવાદી નં. ૧ દ્વારા પ્રતિવાદી નં. ૨ ની તરફેણમાં રજીસ્ટર વેચાણ દસ્તાવેજ તા. ૦૪/૦૫/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ છે જેની નકલ નિ. ૩/૯ અને નિ. ૩/૧૦ થી રજુ કરેલ છે જે વંચાણે લેતા રજીસ્ટર વેચાણ દસ્તાવેજો આધારે પ્રતિવાદી નં. ૨ ને કબજો પણ સોંપવામાં આવેલ છે. વાદીઓ તરફે પ્રતિવાદીઓ તથા અન્ય લોકો સામે જે ફરીયાદ કરેલ છે તેમાં પેજ નં. (૩) ઉપર તેઓને દાવાવાળી મિલકતનો કબજો સોંપેલ હોવાનું નોંધેલ છે, પરંતુ સમગ્ર દાવાઅરજી તથા મનાઈ અરજી વંચાણે લેતા તેઓને દાવાવાળી મિલકતનો કોઇ કબજો સોંપવામાં આવેલ હોય તેવી કોઇ હકિકત જણાઇ આવતી નથી, ઉલ્ટાનું વાદીઓ દ્વારા દાવાઅરજીના પેરા નં. ૧૮(૧) થી જે દાદ માંગેલ છે તેમાં કબજાની માંગણી કરેલ છે. વાદીઓ બાનાખતમાં જણાવેલ તારીખો પ્રમાણે બાકી અવેજની રકમ ચુકવવા સક્ષમ હતા અને તેટલી રકમની તેઓની પાસે વ્યવસ્થા હતી તે બતાવતો પણ કોઇ આધાર રજુ કરેલ નથી. વાદીઓ તરફે જે જુદા જુદા ચુકાદાઓ નોંધેલ છે તે કેસોમાં જે તે કેસની હકિકત અને સંજોગોના આધારે નિર્ણય કરવામાં આવેલ હતો જયારે હાલના કેસની હકિકત અને સંજોગો જુદા છે. હાલના કેસમાં વાદીઓ જે બાનાખત ઉપર આધાર રાખેલ છે તેમાં બાકી અવેજ અંગે રકમ અને તારીખ સહિતની સ્પષ્ટ નોંધ કરવામાં આવેલ છે અને તે ન ચુકવવાના

કિસ્સામાં બાનાખત ફોરફીટ થવાની પણ સ્પષ્ટ નોંધ હોય અને વાદીઓ તે મુજબની રકમ ચુકવી શકેલ ન હોવાનું જણાઇ આવતુ હોય વાદીઓ તરફે નોંધેલ ચુકાદાઓ તેઓને મદદકર્તા જણાઇ આવતા નથી. આમ હાલના તબકકે રજુ રેકર્ડ જોતા વાદીઓ પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરી શકેલ ન હોય તે રીતે મુદ્દા નં. ૧ નો જવાબ "નકારમાં" ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨ અને ૩.</u>**

**(૧૦)** ઉપરોકત પેરામાં વિગતે કરેલ ચર્ચા તથા જણાવેલ કારણોસર જયારે વાદીઓ હાલના તબકકે પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરેલ નથી અને દાવાવાળી મિલકતો હાલ પ્રતિવાદી નં. ૨ ના કબજામાં રજીસ્ટર વેચાણ દસ્તાવેજ આધારે ચાર વર્ષ જેટલા સમયથી આવેલ હોય પ્રતિવાદી નં. ૨ દ્રારા ઘણા બધા લોકોને પ્લોટોનું વેચાણ પણ કરેલ હશે તે સંજોગોમાં જો માંગ્યા મુજબનો મનાઇહુકમ આપવામાં આવે તો પ્રતિવાદી નં. ૨ કે જેઓએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી અવેજ ચુકવીને મિલકત ખરીદેલ છે તેઓને જ નહિ, પરંતુ તેઓની પાસેથી પણ જેઓએ વ્યકતિગત પ્લોટો ખરીદેલ છે તેઓને પણ ખુબજ અગવળ ઉભી થાય તેવી પરીસ્થિતી ઉભી થાય તેમ છે અને વાદીઓ દ્રારા વૈકલ્પીક દાદની માંગણી કરેલ હોય તે રીતે જોતા વાદીઓને નાણામાં વાળી ન શકાય તેવુ નુકસાન જાય તેમ પણ જણાઇ આવતુ ન હોય નાણામાં વાળી ન શકાય તેવુ નુકસાન તથા સગવળ અગવળનું ધોરણ બંન્ને મુદ્દાઓ પણ વાદીઓ પુરવાર કરી શકેલ ન હોય મુદ્દા નં. ૨ અને ૩ નો જવાબ પણ "નકારમાં" ઠરાવી મુદ્દા નં. ૪ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–<u>:: આ ખ રી હુ ક મ ::</u>–**

- વાદીઓની મનાઇઅરજી રદ યાને નામંજુર કરવામાં આવે છે.

- સદર અરજીનું ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

ઉપરોકત હુકમ આજરોજ **તારીખ ૦૮ મી, માહે : જુલાઈ, સને : ૨૦૨૨** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ : ૦૮/૦૭/૨૦૨૨ | ( ધર્મેન્દ્ર સુખવાસીભાઈ શ્રીવાસ્તવ ) |
| સ્થળ : જંબુસર | પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ, જંબુસર |
| | જજ કોડ જી. જે. ૦૦૮૧૯ |